# ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી
# સિદ્ધપુર-૩૮૪૧૫૧
## <u>પરિપત્ર</u>

આથી તમામ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માં સ્નાતક તેમજ અનુસ્નાતક વિદ્યાશાખામાં અન્ય યુનિવર્સિટીમાંથી આપણી યુનિવર્સિટી ખાતે જે વિધાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે, તેમને Migration Certificate અત્રેની યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહે છે. Migration Certificate રજુ કરે તે પછીજ વિધાર્થીનુ પરિણામ આપી શકાય. જેથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯મા વિધાર્થીઓએ Migration Certificate રજુ કરેલ ન હોય તેવા વિધાર્થીઓને આચાર્યશ્રીએ વિધાર્થીને પત્ર લખી તાત્કાલિક જાણ કરવાની રહેશે. તથા તે અંગેની વિધાર્થીઓની યાદી પરીક્ષાશાખાને રજુ કરવાની રહેછે

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ સત્રમાં પ્રવેશ મેળવનાર વિધાર્થી પાસેથી Relevant Academic Documents સાથેજ Migration Certificate મેળવવાનો આગ્રહ રાખવો. **તેમજ જે વિધાર્થી સરકારી કે ખાનગી સંસ્થામાં નોકરી કરતા હોય તેમને તેમના વડાશ્રીનું No Objection Certificate અચૂક રજુ કરવાનું રહેશે**, જે વિધાર્થીના Migration Certificate સામેલ નહિ હોય તો તેવા વિધાર્થીઓનું પરિણામ અટકાવવામાં આવશે

વધુમાં ખાસ જણાવવાનુંકે જે વિધાર્થીઓ Migration Certificate જમા કરાવે ત્યાર બાદ તેમને Eligibility Certificate આપવામાં આવશે. જે વિધાર્થીના પ્રવેશ ફોર્મ સાથે જોડ્યાબાદ તેનો પ્રવેશ આખરી થયો ગણાશે ઉપરોક્ત કામગીરીને પ્રથમ અગ્રીમતા આપવા અંગે આપના નિયંત્રણ હેઠળના સ્ટાફને જરૂરી સુચના આપી કામ પૂર્ણ કરાવવા દરેક આચાર્યશ્રીનું ખાસ અંગત ધ્યાન દોરવામાં આવે છે.

જા.ન.રજી/પરીક્ષા/ /૨૦૧૯
તા.૧૯-૦૯-૨૦૧૯

**(ડૉ.રામસિંહ રાજપૂત)**
**કુલસચિવ**

<u>નકલ સવિનય રવાના.</u>

૧. આચાર્યશ્રી (તમામ) ............................................ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર.
૨. રહસ્ય સચિવશ્રી , કુલપતિશ્રી / પ્રમુખશ્રી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર.